# શિક્ષિત બેરોજગારોના આંદોલનને પોલીસે નિષ્ફળ બનાવ્યું

## દિવસભર શહેરના તમામ પ્રવેશદ્વારો પર લોખંડી બંદોબસ્ત : છત્રી લઈને પોલીસ જવાનો ફરજ બજાવતા નજરે પડ્યા : ૧૨ની અટકાયત












ગાંધીનગર, તા.૫ સોમવારના રોજ શિક્ષિત બેરોજગાર યુવાનો પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં એકઠા થવાના મેસેજને પગલે પાટનગર પોલીસ છાવણીમાં ફેરવાયું હતું. શહેરના તમામ પ્રવેશદ્વારા પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. શહેરમાં માત્ર ચ માર્ગ પરથી જ વાહનોને પ્રવેશ આપવામાં આવતો હતો અને તેમાં પણ સઘન ચેકીંગ હાથ ધરાયું હતું. પાટનગરમાં બેરોજગાર શિક્ષિત યુવાનોના આંદોલનને પોલીસે નિષ્ફળ બનાવ્યું હતું. વરસાદી વાતાવરણ વચ્ચે પણ છત્રી લઈને પોલીસ જવાનો ફરજ બજાવતા નજરે પડ્યા હતા. એકપણ શિક્ષિત બેરોજગાર યુવાન ન દેખાતા પોલીસે બપોર બાદ રાહતનો શ્વાસ લીધો હતો. જિલ્લા પોલીસે સ્થાનિક સહિત ૧૨ યુવાનોની અટકાયત કરી હતી.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે રાજયના પાટનગરમાં સોમવારના રોજ શિક્ષિત બેરોજગાર મોટીસંખ્યામાં એકત્ર થઈને સરકાર સામે બાયો ચડાવવાના સમાચારને પગલે પોલીસ અને તંત્ર દોડતુ થઈ ગયું હતું. પોલીસ તંત્ર દ્વારા ચાર -પાંચ દિવસથી આંદોલનને નિષ્ફળ બનાવવા માટે ચાલી રહેલી કામગીરી સફળતા મળી છે. રાજયભરમાંથી એક પણ શિક્ષિત બેરોજગાર ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી સુધી પહોંચી શક્યો નથી. પોલીસ તંત્ર દ્વારા વિવિધ વિસ્તારમાંથી સ્થાનિક સહિત અન્ય જગ્યાએથી આવેલા ૧૨ જેટલા નાગરીકોની અટકાયત કરવામાં આવી છે. સત્યાગ્રહ છાવણીની નજીક આવેલા કોમ્પ્લેક્ષની તમામ દુકાનો અને મીના બજાર પણ પોલીસ દ્વારા બંધ કરાવી દેવામાં આવ્યું હતું.

કોરોનાની વૈશ્વિક મહામારી વચ્ચે રાજયના પાટનગરમાં નાગરીકો મોટીસંખ્યામાં એકઠા ન થાય તે માટે રાજયના પોલીસ વડાએ પણ દરેક જિલ્લાની પોલીસને પોતાના વિસ્તારના આંદોલનકારીઓને સમજાવવા માટે કહ્યું હતું. જયારે ગાંધીનગરમાં અન્ય સ્થળ પરથી આવતા યુવાનોને જે તે શહેરમાં જ રોકી દેવા માટે સ્થાનિક પોલીસને રાજયના પોલીસ વડાની કડક સુચના મળી હતી. ગાંધીનગર શહેરમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસ જવાનો દ્વારા સઘન ચેકીંગ હાથ ધરાયુ હતું. જેમાં એસટી બસ અને ખાનગી વાહનો આવી રહેલા યુવાનોની પુછતાછ પોલીસ તંત્ર દ્વારા કરાઈ હતી. સત્યાગ્રહ છાવણી સહિત પાટનગરમાં ૧૫૦૦ થી વધુ પોલીસ જવાનો વરસાદમાં પણ ખડેપગે હાજર રહ્યા હતા. સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષિત યુવાનો એકઠા ન થાય તે માટે પોલીસનો એકશન પ્લાન સફળ રહ્યો હતો. નગરના તમામ પ્રવેશદ્વાર પર બેરીકેટસ મુકીને પોલીસ જવાનો ઉભા રહ્યા હતા. આ ઉપરાંત સત્યાગ્રહ છાવણી, સચિવાલય, શહેરના સર્કલો, તેમજ પ્રવેશ મેળવી શકાય તે તમામ જગ્યાએ પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આંદોલનને પગલે શહેરમાં સવારે માત્ર ચ માર્ગ પરથી જ વાહનોને પ્રવેશ આપવામાં આવતો હતો. જેથી પ્રવેશદ્વાર પર વાહનોનો ખડકલો જોવા મળ્યો હતો. જયારે ઘ-૨ થી ઘ-૩ નો સર્વિસ માર્ગ પણ બંધ કરી દેવામાં આવ્યો હતો. જેને પગલે સ્થાનિક નાગરીકોને ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. જો કે શહેરમાં એક પણ આંદોલનકારી ન આવતા આખરે પોલીસ તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અમારા ચોરીના ધંધામાંય રીસ્ક અને ખર્ચો વધી ગયો... અજાણ્યા ઘરમાં અમારે જવાનું હોય માટે આ સુટનો ખર્ચો કરી નાખ્યો....

# વિદેશી કોચની જેમ ભારતીય કોચ સાથે પણ હવે ચાર વર્ષના કરાર થશે

### ભારતીય કોચના મહેનતાણા પરથી બે લાખની મર્યાદા દૂર કરવામાં આવી

ગાંધીનગરના સેક્ટર-૧૫ ખાતેના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતેથી પ્રાપ્ત માહિતી અનુસાર કેન્દ્ર સરકારના રમતગમત મંત્રી કિરણ રિજજુજીએ આજે ભારતીય કોચના પગાર પર રૂ. ૨ લાખની જે મર્યાદા બાંધવામાં આવી હતી તે દૂર કરવામાં આવી હોવાની જાહેરાત કરતા જણાવ્યું છે કે હવે ભારતીય કોચ સાથેના કોન્ટ્રાક્ટની મુદત પણ ચાર વર્ષની કરવામાં આવી છે.

કેન્દ્ર સરકારના નિર્ણય અંગે વાત કરતા કેન્દ્રિય યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટસ મંત્રી કિરણ રિજજુજીએ જણાવ્યું હતું કે અનેક ભારતીય કોચે ખૂબ જ નોંધપાત્ર પ્રદર્શન કર્યુ છે જેના સુંદર પરિણામો પ્રાપ્ત થયાં છે તેથી તેમના અથાગ પરિશ્રમને બિરદાવવો જરૂરી છે. સરકાર દેશભરમાં સ્પોર્ટસ કોચિંગ ક્ષેત્રે ઉત્તમ પ્રતિભાઓને વધુ તક આપતા કટિબદ્ધ છે અને તે



અંતર્ગત તેઓ આપણા ખૂબજ ટેલેન્ટેડ એથ્લેટ્સને તાલીમ આપે તે માટે સરકાર તેમના મહેનતાણા પર કોઈ મર્યાદા બાંધવા માંગતી નથી. આ સાથે કોચીઝનો કોન્ટ્રાક્ટ પિરિયડ પણ ૪ વર્ષ સુધીનો કરવામાં આવ્યો છે જે અત્યાર સુધી વિદેશી કોચ માટે જ હતો. આ નિર્ણય મહત્વના એથ્લેટ્સની તાલીમ આકસ્મિક સાયકલ મુજબ જળવાઈ રહે તે માટે લેવામાં આવ્યો છે. આ સાથે કોચના વેતનમાં વધારો થતાં ભૂતપૂર્વ પ્રતિભાશાળી ખેલાડીઓ પણ કોચ તરીકે સેવા આપવા આકર્ષાશે જેનો ફાયદો ભારતના રમતવીરોને થશે અને ભારતીય રમતનું પ્રદર્શન સુધરશે. ભારતના જુદા જુદા જાહેર સાહસો સાથે સંકળાયેલા કોચને પણ આકર્ષવામાં મદદરૂપ થશે અને સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રમતવીરોને તેનો લાભ મળશે. રમતગમત મંત્રાલયની નજર ૨૦૨૮ પર છે તેને અનુલક્ષીને આ નિર્ણયો લેવામાં આવ્યા છે.

# શ્વેતા જાડેજા તપાસમાં સહકાર આપી રહ્યા નથી : પીએસઆઈ

અમદાવાદ, તા. ૦૬ અમદાવાદ મહિલા ક્રાઈમના લાંચિયા પીએસઆઈ શ્વેતા જાડેજા હાલ પોલીસ રિમાન્ડ પર છે. જોકે તપાસ સાથે સંકળાયેલા અધિકારીઓને શ્વેતા જવાબ નથી આપતી. તપાસ દરમિયાનના સવાલોનો જવાબ કાયદાકીય જ આપી રહી હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. તો તાજેતરમાં શ્વેતાએ એકાદ લાખનો આઈફોન પણ ખરીદ્યો હતો. તે ફોન તેના રૂપિયાથી લીધો કે કોઈએ અપાવ્યો તે બાબતે તપાસ ચાલી રહી છે. લાંચ લેનારી પીએસઆઈ શ્વેતા જાડેજા ખૂબ ચબરાખ છે. તે પોતે જાણે ગુનાહિત માનસિકતા ધરાવતી હોય તેમ પોલીસની રગે રગથી વાકેફ હોય તેવું વર્તન તેનું જોવા મળી રહ્યું છે. કોઈપણ અધિકારી સવાલ કરે તો કાયદો આપ જાણો જ છો તેમ કહી વાત ટાળી રહી છે. ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી અને સાયબર ક્રાઈમની ચાર ટીમો આ કેસમાં તપાસ કરી રહી છે. આ ટીમોએ કેશોદ, પોરબંદર, ઉપલેટામાં ધામા નાખ્યા છે અને અમદાવાદમાં પણ તપાસ કરી રહી છે. તો બીજીતરફ આંગડિયા પેઢીના જયુભા ચુડાસમાને આ કેસમાં સાક્ષી બનાવાયો છે. બીજીતરફ સુત્રોનું કહેવું છે કે મહિલા પીએસઆઈ શ્વેતા જાડેજાની ભરતી પ્રક્રિયાથી લઈને વર્તમાન પોસ્ટિંગ સુધીની મિલકત, વાહન, મોંઘી વસ્તુઓ અને મોબાઈલ સહિતની ખરીદ વેચાણની માહિતી તપાસ એજન્સી એકઠી કરી રહી છે. તેણે તાજેતરમાં એક લાખનો આઈફોન ખરીદ્યો હતો તે તેણે પોતે ખરીદ્યો કે લાંચની રકમથી મેળવ્યો તે બાબતે પણ તપાસ હાથ ધરાઈ છે. મહિલા પીએસઆઈ તેના 'ગોડફાધર' એવા પોલીસ અધિકારીની સલાહ સુચન પ્રમાણે જ ચાલી રહી હોવાનું પોલીસ માની રહી છે. મહિલા પીએસઆઈના ફોનમાં એક ઉચ્ચ અધિકારી સાથેના અનેક ફોનના વ્યવહાર પોલીસને જણાયા છે. જોકે તે મહિલા ક્રાઈમમાં હોવાથી તપાસના કામ માટે જ આ ફોન કરાયા છે કે અન્ય કોઈ કામથી તે બાબતે કહેવું મુશ્કેલ છે.

# આજે અમદાવાદની બે લાખ રિક્ષાઓના પૈડાં થંભી જશે

### આર્થિક તંગીથી ત્રણ રીક્ષાચાલકોએ આત્મહત્યા કરી છે

અમદાવાદ, તા. ૦૬ દેશભરમાં કોરોના સંક્રમણના કારણે જાહેર કરવામાં આવેલા લોકડાઉનના ધંધા રોજગાર પર ભારે અસર પડી છે. જેના લીધે રાજયમાં આત્મહત્યા અને ડિપ્રેશનની સમસ્યામાં વધારો થયો છે. નાના રોજગાર ધંધા મોટી અસર પડતા સરકાર દ્વારા આત્મનિર્ભર સહાય હેઠળ સરકાર દ્વારા એક લાખ રૂપિયાની લોન આપવામાં આવશે. બેંક દ્વારા ૮ ટકાના વ્યાજે લોન અપાશે. જેમાં સરકાર દ્વારા ૬ ટકા વ્યાજ ચૂકવાશે. જ્યારે ગ્રાહકને માત્ર ૨ ટકા જ વ્યાજ ચૂકવવાનું રહેશે. સાથે જ ૬ મહિના બાદ લોનના EMI શરૂ થશે. ત્યારે અમદાવાદના રીક્ષાચાલકોએ પોતાની વિવિધ માંગ સાથે આવતીકાલે સ્વંયભૂ પાળી હડતાળ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે આપ અને કોંગ્રેસ જેવા રાજકીય પક્ષોએ પણ ટેકો જાહેર કર્યો છે.

આ ઉપરાંત ૧૦ જેટલા રીક્ષા યુનિયનો આ હડતાલને સમર્થન આપ્યું છે. ગુજરાતમાં ૮ થી ૧૦ લાખ રીક્ષાઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આર્થિક તંગીના કરણે ૩ જેટલા રીક્ષા ચાલકોએ આત્મહત્યા કરી છે. આ અંગે રીક્ષાચાલક સ્વાભિમાન અધિકાર આંદોલનના અગ્રણી અશોક પંજાબીએ જણાવ્યું હતુ કે, મંગળવારે અમદાવાદ શહેરના ૨ લાખ ૨૦ હજાર ઓટો રીક્ષાચાલકો પોતાની માંગણીઓને લઈને એક દિવસની હડતાલ પર ઉતરશે. રાજય સરકાર એક મહિનાના ૫ હજાર રૂપિયા લેખે ત્રણ મહિનાના ૧૫ હજાર રૂપિયા આર્થિક સહાય કરે તેવી માંગણી છે.

રીક્ષાચાલકોને સરળ નિયમોને આધિન લોન મળી રહે તથા એક સત્રની તેમના બાળકોની ફી માફ કરવામાં આવે તથા વીજબીલમાં રાહત અપાય તેવી તમામ માંગણીઓને લઈને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને લગભગ ૧૨ યુનિયનોના આગેવાનો મળ્યા હતા. ૭ જુલાઈના રોજ એક દિવસની પ્રતીક હડતાળ પાડવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી સાથે યોજાયેલી બેઠકમાં કોઈ નિર્ણય લેવાયો ન હોવાથી ઓટો રીક્ષા યુનિયનના આગેવાનોએ ૭ જુલાઈના રોજ એક દિવસીય ઓટો રીક્ષાની હડતાલનો નિર્ણય લીધો છે. આગામી દિવસોમાં ઓટો રીક્ષા ચાલકોની માંગણીનો સ્વીકાર નહીં થાય તો વિવિધ કાર્યક્રમો આપવામાં આવશે. ૧૦મી જુલાઈના રોજ જીએમડીસી ખાતે સભાના આયોજનની વિચારણા ચાલી રહી છે. તેવી જ રીતે જરૂર પડે સમગ્ર ગુજરાતમાં ઓટો રીક્ષાની હડતાલ અને જેલભરોના કાર્યક્રમોની રૂપરેખા આગામી દિવસોમાં ઘડી કઢાશે.

## ખૂણેખાંચરેથી



- રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આગામી ૮ અને ૯ ના રોજ રાજયના શિક્ષણ વિદ્દો તેમજ અન્ય અગ્રણીઓ સાથે વીડીયો કોન્ફરન્સથી શિક્ષણના પ્રશ્નોને લઈ વાતચીત કરનાર છે.
- આગામી ૨૯ અને ૩૦ મી જુલાઈના રોજ હોમ લર્નિગના આધારે રાજ્યભરના ધો. ૩ થી ૧૨ ના બાળકોની એકમ કસોટી યોજાશે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનો આજે તેમની નવનિર્મિત કચેરીમાં બપોર બાદ વિધિવત્ પ્રવેશ કર્યો હતો. તેઓની ચેમ્બરનું રિનોવેશન કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે બેરોજગારોની મહારેલીના પગલે સત્યાગ્રહ છાવણીની આસપાસની દુકાનો બંધ રહેતાં નગરજનોને હાલાકી પડી હતી.
- ગાંધીનગર (કોબા) ખાતે ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મ જયંતિને લઈ પ્રદેશ પ્રમુખ વાઘાણીએ વૃક્ષારોપણ કર્યુ હતુ.
- જિલ્લામાં જિલ્લાકક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવા અંગે તંત્ર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે.

# ABVPનું ગુજરાત યુનિવર્સિટી ખાતે અનોખું વિરોધ પ્રદર્શન

પ્રવેશ પ્રક્રિયામાં ગડબડી મામલે છેલ્લા એક અઠવાડિયાથી ABVP જુદી જુદી રીતે વિરોધ પ્રદર્શન કરી રહ્યું છે. આ વિરોધ પ્રદર્શનને આગળ વધારતા આજે ABVPના કાર્યકરોએ પ્રવેશ શુદ્ધિ યજ્ઞ કરી વિરોધ નોંધાવ્યો હતો. ગુજરાત યુનિવર્સિટીમાં આવેલી વીસીની ચેમ્બર નીચે યજ્ઞ કર્યો હતો. આ અગાઉ વિરોધના ભાગરૂપે રજીસ્ટ્રારને બંગડી આપવી, કુલપતિની ચેમ્બર બહાર બગડી લટકાવવી, શાકભાજીની લારી લઈને કેમ્પસમાં આવવું જેવા કાર્યક્રમો આપ્યા છે. ગુજરાત યુનિવર્સિટીના વિવિધ કોર્ષની પ્રવેશ પ્રક્રિયામાં જે સભ્યોની નિમણૂક કરાઈ છે તેમને બદલવાની ABVP માંગ કરી રહ્યું છે. ગત વર્ષે યુનિવર્સિટી દ્વારા સરકારી બેઠકો પહેલા ખાનગી કોલેજોની બેઠકો ભરવામાં આવી હતી જેનો કર્યો હતો વિરોધ, હવે આ વર્ષે પણ છમ્ર્ફ઼ પ્રવેશ કમિટીના સભ્યો બદલવામાં આવે તેવી માંગ કરી રહ્યું છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ